# નવસારી કૃષિ યુનિવર્સિટી

## એરૂ ચાર રસ્તા,નવસારી

**સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણી–૨૦૨૬ અન્વયે આદર્શ આસારસંહિતાના અમલવારી બાબત અને રજાઓ મંજુર કરવા પર પ્રતિબંધ અંગે.**

**વંચાણે:–** મામલતદારશ્રી જલાલપોર, મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરીનો પત્ર ક્રમાંક નં. ઈએલસી / આચાર સંહિતા/ નિયમો/ વશી/ /૨૦૨૬ તા.૦૧.૦૪.૨૦૨૬.

## <u>પરિપત્ર</u>

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાઓને પરિપત્રિત કરવામાં આવે છે કે, ઉકત વંચાણે લીધેલ પત્ર અનુસાર રાજય ચૂંટણી આયોગ ધ્વારા તારીખ ૦૧.૦૪.૨૦૨૬ના રોજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ જાહેર કરવામાં ઓવલ છે. જેના પગલે "આદર્શ આચારસંહિતા" (Model Code of Conduct) તત્કાલ અસરથી અમલમાં આવેલ છે.

સદર ચૂંટણી જાહેર થવાને કારણે ચૂંટણી પ્રક્રિયાના સમગ્ર સમય દરમ્યાન મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ બાબતે ઉકત વંચાણે લીધેલ પત્રમાં જણાવેલ બાબતોનો ચૂસ્તપણે અમલ કરવા જણાવેલ છે. જેથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના અધિકારી / કર્મચારીશ્રીઓની આદર્શ આચાર સંહિતા લાગુ થયાની તારીખથી અને પુરી થાય ત્યાં સધી કોઈપણ પ્રકારની રજાઓ મંજુર કરવી નહી તથા કોઈપણ અધિકારી કે કર્મચારીને કલેકટર સાહેબશ્રીની પૂર્વ મંજૂરી વગર રજા પર ઉતારવા નહી. મંજૂરી પ્રક્રિયાઃ અસાધારણ સંજોગોના કિસ્સામાં રજાની જરૂરિયાત જણાય તો, રાજય ચૂંટણી આયોગના અધિકૃત અધિકારીશ્રી અને કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તે અંગેની પૂર્વમંજૂરી વગર રજા મંજૂર થશે નહી. તેમજ કોઈ પણ કર્મચારીએ પરવાનગી વગર હેડકવાર્ડર છોડવું નહી.

આચાર સંહિતા દરમ્યાન જે – તે અધિકારી / કર્મચારીઓની કોઈપણ પ્રકારની રજાઓ અગાઉથી મંજુર કરવામાં આવેલ હશે તો તે આપોઆપ રદ થયેલી ગણવામાં આવશે.

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/આચાર સંહિતા/૨૮૨૮-૮૭૭ /૨૦૨૬**
**તા. ૦૪/૦૪/૨૦૨૬**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**<u>નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂ:–</u>**

(૧) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ.
(૨) આ વિભાગની તમામ શાખાઓ તરફ.

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી જલાલપોર
તા.જલાલપોર જિ.નવસારી
(ગ્રાઉન્ડ ફ્લોર, તાલુકા સેવા સદન, કાલીયાવાડી તા.જી.નવસારી
ટેલીફોન નં. ૦૨૬૩૭- ૨૪૯૯૪૫ Email:-jalalpur@gujarat.gov.in

આઝાદી કા અમૃત મહોત્સવ

નં.ઇએલસી/આચાર સંહિતા/ નિયમો/વશી /૨૦૨૬ તા.૦૧/૦૪/૨૦૨૬

પ્રતિ,

.................................................................

.................................................................

તાલુકાની તમામ સરકારી/અર્ધસરકારી કચેરીઓ,

તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (તાલુકા પંચાયત),

તાલુકો: જલાલપોર.

વિષય : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ અન્વયે આદર્શ આચારસંહિતાના અમલવારી બાબત અને રજાઓ મંજૂર કરવા પર પ્રતિબંધ અંગે.

સંદર્ભ:૧. સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્યના જાહેરનામા ક્રમાંક: ઈએલસી- સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક- ૯૪૧૯ થી ૯૫૪૯ તારીખ: ૦૧/૦૪/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તારીખ ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ જાહેર કરવામાં આવેલ છે. જેના પગલે સમગ્ર જલાલપોર તાલુકામાં 'આદર્શ આચારસંહિતા' (Model Code of Conduct) તત્કાલ અસરથી અમલમાં આવેલ છે. ચૂંટણી પ્રક્રિયાને સુચારુ અને સમયબધ્ધ રીતે પૂર્ણ કરવા માટે કચેરીના તમામ અધિકારીઓ/કર્મચારીઓની સેવાઓ અનિવાર્ય છે. આથી, નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આદેશ કરવામાં આવે છે.

૧. **રજાઓ પર પ્રતિબંધ:-** કોઈપણ અધિકારી કે કર્મચારીને કલેકટર સાહેબશ્રીની પૂર્વ મંજૂરી વગર રજા પર ઉતારવા નહીં. મંજૂરી પ્રક્રિયા: અસાધારણ સંજોગોના કિસ્સામાં રજાની જરૂરિયાત જણાય તો, રાજ્ય ચૂંટણી આયોગના અધિકૃત અધિકારીશ્રી અને કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, નવસારીને તે અંગેની પૂર્વમંજુરી વગર રજા મંજૂર થશે નહી.

૨. **મુખ્ય મથક છોડવા પર મનાઈ :-** કોઈ પણ કર્મચારીએ પરવાનગી વગર હેડક્વાર્ટર છોડવું નહીં.

૩. **ચૂંટણી ફરજ:-** ચૂંટણી સબંધી કોઈપણ કામગીરી કે તાલીમમાં ગેરહાજર રહેનાર કર્મચારી વિરુધ્ધ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ – ૧૯૫૧ હેઠળ શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

આ આદેશનો ભંગ કરનાર જવાબદાર અધિકારી/કર્મચારી સામે ચૂંટણી પંચના નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી.

મામલતદાર જલાલપોર